# પરિષદ-પ્રમુખનો પત્ર

આ પત્ર તમારા હાથમાં આવશે ત્યારે તમારામાંથી ઘણા સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રમાં ભાગ લેવા જવાની મનથી તૈયારી કરતા હશો. દર બે વર્ષે એક વાર ભરાતું જ્ઞાનસત્ર પરિષદની મુખ્ય પ્રવૃત્તિઓમાંનું એક છે. એને સફળ કરવાની ચાવી આપણા સૌના હાથમાં છે. આપણા ઉત્સાહ, અનુભવ, સ્વાધ્યાય અને પરિશ્રમ વડે આપણે જ્ઞાનસત્રને સાચા અર્થમાં જ્ઞાનસત્ર બનાવીએ.

જ્ઞાન કાંઈ એકમાર્ગી રસ્તો નથી. એમાં માત્ર એક આપે અને બીજો લે, એમ થતું નથી. જ્ઞાન આપનાર ગુરુ પણ શિષ્ય સાથે નિરંતર મેળવતો જતો હોય છે. જ્ઞાનસત્રમાં કેટલાક અનુભવી અને ઘડાયેલા સાહિત્યકારો આવશે તથા કેટલાક સાહિત્યમાં નવોસવો રસ લેનારા તાજા અને તરવરિયા રસિયાઓ આવશે. બંને એકબીજા પાસેથી મેળવશે, એકબીજામાં હળશે-મળશે અને સમૃદ્ધ થશે.

પરિષદમાં જ્યારે જ્ઞાનસત્રની જુદી જુદી બેઠકોમાં સાહિત્યનાં વિવિધ પાસાંઓની રજૂઆત કરનાર વ્યક્તિઓનાં નામો વિચારાતાં હતાં, ત્યારે એટલી ઝડપથી નામો સૂચવાતાં ગયાં અને સ્વીકારાતાં ગયાં કે એની ઉપરથી મારા જેવા નવાગંતુકોને લાગતું હતું કે સભામાં ઉપસ્થિત લોકો આને અંગે પહેલેથી વિગતવાર વિચાર કરીને આવ્યા હશે, કાં આમ નામો સૂચવવાનું એટલું બધું રૂઢ થઈ ગયું હશે કે આ સત્ર સાવ સફળ બની ગયું હશે. મધ્યસ્થ સમિતિની બેઠકમાં સભ્યો સૂચિત વિષયો અંગે પૂર્વવિચારણા કરી આવે એ ઇષ્ટ છે જ, પણ એમાં બીજા સભ્યોનાં સૂચનો અંગે મન ખુલ્લું રહે એ જરૂરી છે. બીજી બાજુ આ પ્રક્રિયા સાવ યંત્રવત્ ન બની જાય અને દરેક નિર્ણય કરતી વખતે તાજગી જળવાઈ રહે એ પણ એટલું જ જરૂરી છે.

જ્ઞાનસત્રમાં તરુણોની હાજરી વરસોવરસ વધવા લાગી છે. એ ખુશીની વાત છે. માત્ર ભાષાઓના કે સમાજવિદ્યાના વિદ્યાર્થીઓ જ નહીં પણ ઇતર વિજ્ઞાનો, વાણિજ્ય ઇજનેરી વગેરે વિષયોના વિદ્યાર્થીઓ પણ સાહિત્યમાં રસ લેતા થાય એ બધી રીતે સારું છે. વિદ્યાના વિષયવાર ભાગલા કરવાથી એક એક વિષયમાં ઊંડા ઊતરવાનો અવસર મળે છે એ સાચું, પણ કોઈ પણ વિષય પરત્વે એકાગ્રતા સાધતી વખતે જ્ઞાનની સમગ્રતા ન ભુલાવી જોઈએ. વળી સાહિત્યનું ક્ષેત્ર તો એવું છે કે જે માણસની ભાવનાઓને વિકસાવે છે. એ લાભમાંથી કોઈ પણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી વંચિત ન રહેવો જોઈએ. આમ જુદા જુદા વિષયોના વિદ્યાર્થીઓ પણ સાહિત્ય અંગેનાં પર્વોમાં હાજરી આપે એ તે વિદ્યાર્થીઓને સારુ લાભદાયક છે અને નિરનિરાળા વિષયોના અભ્યાસુઓ સાહિત્યની ચર્ચામાં ભળે તો એનાથી સાહિત્યને પણ વિશાળ પીઠિકા મળે. જ્ઞાનસત્રમાં આવનાર વિદ્યાર્થીઓ માત્ર કુતૂહલથી જ ન આવે એ ઇચ્છવા જોગ છે. કુતૂહલથી આરંભેલી યાત્રા જિજ્ઞાસા, શોધ, રસ અને ઉપલબ્ધિમાં પરિણમે તો વિદ્યાર્થીઓનું આ સત્રમાં આવેલું લેખે લાગશે. જ્ઞાનસત્રની વિવિધ બેઠકો તો આયોજનપૂર્વક ગોઠવાઈ જ છે. એટલે એમાંથી કોઈ પણ બેઠક જે તરુણો નહીં ચૂકે તેમને જ્ઞાનસત્રનો વધુમાં વધુ લાભ મળશે. પણ એ બેઠકોની બહાર અવિધિસરની વાતચીતોમાં, ચાપાણી કે ભોજન વખતે, સાંસ્કૃતિક કાર્યક્રમો કે વિશિષ્ટ વ્યક્તિઓના સન્માન વખતે કેટલીક વાર ઔપચારિક ભાષણો કરતાં પણ ઘણું વધારે

જાણવા સમજવાનું મળે છે, એ ભુલાવું ન જોઈએ. આપણા વડવાઓ સત્સંગતિનો મહિમા ગાતાં થાકતા નહોતા, તે આ કારણે. જ્ઞાનસત્રમાં નવા આવનાર તરુણોએ ઘડાયેલા અને અનુભવી સાહિત્યકારોની સત્સંગતિની એક પણ ક્ષણ ચૂકવા જેવી નથી. એ સાચું કે આખા સત્રમાં આખો વખત સત્સંગતિનો ધોધ જ વહેતો રહેશે એવો કોઈ દાવો ન કરી શકે. પણ એટલે જે વિદ્યાર્થી વધુમાં વધુ સજગ રહીને હર પળે જ્ઞાનકણ ઝીલવા તત્પર રહેશે તેને કદાચ સાવ અણધાર્યા ખૂણામાંથી અને અનપેક્ષિત ક્ષણોમાં ઝબકારાની માફક 'કાંઈક ને કાંઈક' મળી રહે. આપણને જે વાત મળી હોય તેની કદર કરવાનું ચૂકવું નહીં, પણ તેમ કરવા જતાં ખોટી ચાપલૂસી ન કરીએ તેની પણ કાળજી રાખવી.

જ્ઞાનસત્રમાં આવનાર કેટલાક જાણીતા અને કેટલાક ઓછા જાણીતા એવા સાહિત્યકારો અમને સફળ કરવામાં ઘણીબધી રીતે મદદ કરી શકે. જે પૂર્વનિયુક્ત વક્તાઓ છે એ તો પોતાના વિષયોની સારી એવી તૈયારી કરીને આવેલા હશે એવી અપેક્ષા રાખી શકાય. વિષય ગમે તેટલો જાણીતો હોય, અથવા અંતઃસ્ફુરણાથી પ્રગટ થાય એવો હોય તો પણ જો રજૂઆત કરતાં પહેલાં એને અંગે વ્યવસ્થિત ચિંતન કર્યું હોય તો રજૂઆત વધુ અસરકારી થાય છે, એ સામાન્ય અનુભવ છે. વળી આપણા સાહિત્યકારોની કામગીરી પોતાનાં ભાષણ આપી દેવાથી પૂરી થતી નથી, કદાચ ત્યારથી જ એ શરૂ થાય છે, એમ ન કહેવાય ? એમના ભાષણના પ્રતિભાવો, એનાં વખાણ અને એની ટીકાઓ તથા એણે જગાવેલા વિવાદો પણ એ વિષય અંગેના જ્ઞાનને વધુ ખોલવામાં મદદરૂપ થઈ શકે છે, એ વાત તો તેઓ જાણતા જ હશે. પરંતુ જ્ઞાનસત્રમાં એમણે ગાળેલો બીજો સમય પણ ખૂબ લાભકારી હોય છે. મારા નાનપણમાં ચક્રવર્તી રાજા ગોપાલાચારીએ શિક્ષક કેવો હોવો જોઈએ તેને અંગે એક વાત કરેલી. તે મને હજી સુધી યાદ છે. તેમણે કહેલું "શિક્ષક સાથેની દરેક ક્ષણ શિક્ષણપ્રદ હોવી જોઈએ." આ વાત સાહિત્યકારોને પણ એટલી જ લાગુ પડે છે. અને આપણા સાહિત્યકારોમાં ઘણાબધા તો શિક્ષકો કે પ્રાધ્યાપકો જ છે ને ? એટલે આ વાત એમને બેવડી લાગુ પડે છે. જ્ઞાનસત્રમાં આવનાર દરેક વક્તા, પછી એ પહેલેથી નક્કી કરેલા વક્તા હોય અથવા ચર્ચામાં ભળતા બીજા કોઈ હોય, દરેક જો એ બાબતનું ધ્યાન રાખશે કે એમની બધી ચર્ચાઓ, વાદવિવાદો, રમૂજો – ટેકડીઓ, પ્રહારો અને વળતા પ્રહારો અનેક સાવ અજાણ્યા પણ ઉત્સુક કાન આતુરતાથી સાંભળી રહ્યા છે. અને એમની દરેકે દરેક ચર્ચાને અનેક નવી ઊઘડતી આંખો કુતૂહલ અને અહોભાવથી જોઈ રહી છે, તો એ વાતનું ભાન જ કદાચ જ્ઞાનસત્રને વધુ જ્ઞાનપ્રદ બનાવવામાં મદદરૂપ થઈ પડશે.

જ્ઞાનસત્ર દક્ષિણ ગુજરાતના કીમ ગામમાં ભરાઈ રહ્યું છે. ગુજરાતની સહકારી પ્રવૃત્તિ સાથે જેમનું નામ અનિવાર્ય રીતે જોડાયેલું છે તેવા સ્વ. પ્રમોદભાઈ ક. દેસાઈનું આ કાર્યક્ષેત્ર છે. કીમના યુવાન કાર્યકરો, પરસ્પર સહકારપૂર્વક, જ્ઞાનસત્રને સફળ બનાવવાની તૈયારીમાં લાગી ગયા છે. જ્ઞાનસત્રને સર્વાંગસુંદર બનાવવામાં એમનો પણ ભાગ હશે. ઘણાં સમ્મેલનોની સફળતા-અસફળતા તો એના આતિથ્ય પરથી જ મપાતી હોય છે. આ વખતની મહેમાનગતિમાં આગતાસ્વાગતા, ખાણી-પીણી, સ્થાનિક નિવાસ-પ્રવાસની વ્યવસ્થા ઉપરાંત સત્રની એક બેઠક યજમાન સંસ્થાના આયોજન મુજબ ગોઠવાય એમ વિચારાયું છે એટલી વધારેની જવાબદારી યજમાન સંસ્થાએ ઉત્સાહપૂર્વક માગી લીધી છે અને સાહિત્ય પરિષદે ખુશી ખુશીથી એ વિચારને વધાવી લીધો છે. સાહિત્ય પરિષદનાં ઘણાં આયોજનોમાં મધ્યસ્થ સમિતિના સભ્યો ઉપરાંત ગુજરાતના ખૂણેખૂણાના સાહિત્યપ્રેમીઓ પણ ભલે અહીં કાર્યક્રમો થોડાને બદલે ઘણા લોકોના



બની રહે. એ વિચાર એક બેઠકનું આયોજન યજમાન સંસ્થાને સોંપવા પાછળ છે. આયોજનમાં ભાગ લેનાર જેટલા લોકો વધે એટલી આયોજનની ભૂમિકા વિસ્તૃત બને. સહભાગિતા એ મૂક શ્રોતા બનવા કરતાં ઘણો વધારે આનંદ આપે છે, એટલું જ નહીં પણ તે સહભાગીઓને ઊંડી તાલીમ પણ આપે છે.

ત્રણ દિવસના આખા કાર્યક્રમથી જે વાતાવરણ સર્જાશે એ સૌથી વધારે જ્ઞાનપ્રદ બની શકે. જૂના મિત્રો એકબીજાને મળશે. નવા નવા લોકો સાથે ઓળખાણ થશે. વાતાવરણ જેટલું મૈત્રીપૂર્ણ સર્જાશે તેટલું એકબીજાને ઊંચે ચડાવનાર બનશે. જીવન પ્રત્યે જોવાનો આપણો અભિગમ જેટલો વિધાયક કે સકારાત્મક હશે તેટલું વાતાવરણ મૈત્રીપૂર્ણ બનશે. વિધાયક અભિગમ આપણને પ્રવાસનો થાક ઉતારવામાં, વ્યવસ્થામાં જો કે જે કાંઈ ખોડખાંપણ રહી ગઈ હોય તો તેને દરગુજર કરવામાં, મતભેદોમાં તીખાશ આવી ગઈ હોય તો તેનોયે સ્વાદ માણવામાં મદદ કરશે. હાસ્ય-વિનોદ, સંગીત અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો આ વાતાવરણ બનાવવામાં સહાયક નીવડશે. વળી આપણે જો ઓછામાં ઓછા આ ત્રણ દિવસ પૂરતું અનિંદાવ્રત પાળવાનો પ્રયાસ કરીશું તો જ્ઞાનસત્રને સફળ કરવામાં આપણા તરફે એ કદાચ સૌથી મોટો ફાળો બનશે. અનિંદાવ્રત આપણે ધારીએ છીએ એટલું અઘરું નથી. કોઈની કોઈ વાણી કે વિચાર કે વર્તણૂક આપણાં વિચાર-વર્તણૂકથી અલગ હોય તો એટલાથી જ સામેનાને ખોટા માની લેવાની જરૂર નથી. કદાચ એની વાત પણ સાચી હોય અથવા સત્ય ક્યાંક ત્રીજે જ ઠેકાણે પણ હોય. આ બાબત કરવા જેવું હોય તો માત્ર એટલું જ છે કે કોઈની પીઠ પાછળ ન બોલવું. એમ કરવાને જ નિંદા કે કૂથલી કહે છે. 'સત્યમ્ બ્રૂયાત્, પ્રિયમ્ બ્રૂયાત્, ન બ્રૂયાત સત્યમપિ અપ્રિયમ્'નો સિદ્ધાંત વહેવાર-ડાહ્યાનો છે. આદર્શ અને વહેવાર બંનેને જાળવવાનો સતત યત્ન કરનાર ગાંધીજીનો વિચાર આ બાબત જરા જુદો હતો. તેઓ કહેતા કે અપ્રિય સત્ય પણ સામા માણસ આગળ કહી શકાય. એની શરત માત્ર એટલી જ છે કે એ સત્ય મનમાં કડવાશ રાખ્યા વિના કહેવાવું જોઈએ. કડવાશ વિના કહેવાયલું સત્ય પ્રેમથી ભરેલું હશે અને તેથી જ તે મધુર પણ બની રહેશે.

સાહિત્યકારોના આવા મિલન પ્રસંગે પારસ્પરિકાના પ્રશ્નો પણ ઊભા થઈ શકે. સહેજે આપણને તે ટાણે એવા લોકો સામે મળી જાય કે જેને વિષે આપણા મનમાં એવી લાગણી હોય કે આ વ્યક્તિને અમુક પુરસ્કાર કે અમુક હોદ્દો મળ્યો તે યોગ્ય નહોતો. વળી મનના ઊંડાણમાં કદાચ આપણને એમ પણ ભાસતું હોય કે આ પુરસ્કાર કે હોદ્દા સારુ તો હું જ વધુ યોગ્ય હતો કે હતી. કેટલીક વાર આવી લાગણી થવી એ સ્વાભાવિક છે, એમ હું સ્વીકારું છું. પણ એ લાગણી આપણે સારુ કલ્યાણકારી નથી. એ કદાચ તમે સ્વીકારશો. એ આપણને બાળે છે. આપણા શરીર અને મન બંનેને એ નુકસાન કરે છે. એ પુરસ્કાર કે એ હોદ્દાની ક્ષુલ્લકતા કે ક્ષણભંગુરતા વિષે વિચાર કરીશું તો સાચા અર્થમાં 'ત્યાગીને ભોગવવા'નો આનંદ માણી શકીશું. હું એ બાબત સભાન છું કે મને પણ કેટલાક પુરસ્કારો કે હોદ્દાઓ મળ્યા છે. એને લીધે ઉપરોક્ત વાત કહેવાનો મારો નૈતિક અધિકાર ઘટે છે તેથી મને અલગ રાખીને ઉપરની વાતમાં જેટલું તમને યોગ્ય લાગે તેટલું જ સ્વીકારવા વિનંતી છે.

આ પત્રમાં મારે જે કહેવું છે તેનો લબ્બેલુવાળ (સારાંશ) એટલો જ છે કે ચાલો, આપણે સૌ સાથે મળીને કીમના જ્ઞાનસત્રને વધુ જ્ઞાનદાયી, સ્ફૂર્તિદાયી અને આનંદદાયી બનાવીએ.

**નારાયણ દેસાઈ**